ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

કચ્છ યુનિવર્સિટી કાર્યાલય
મુન્દ્રા રોડ, ભુજ.
રેફ.નં.ક.યુ. /પરિપત્ર/૨૨/૧૧૨૯
તા. ૧૫/૦૯/૨૦૨૨

**પરિપત્ર : –(રીવાઈઝ) ૫૭**

આ યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ માટે એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફી ભરવાની તારીખો દરમ્યાન નીચે વીગતે સ્વીકારવામાં આવશે.

(૧) આપની કોલેજ / ભવનના જે કોર્ષ ની પ્રવેશ કાર્યવાહી ઓનલાઈન થયેલ છે તે કોર્ષના ઓનલાઈન જનરેટ થતા એનરોલમેન્ટ ફોર્મ કોલેજ/ભવન યુનિવર્સિટી ખાતે મોકલવાના રહેશે નહી, કોલેજ/ભવને એનરોલમેન્ટ ફોર્મ પોતાની પાસે રાખવાના રહેશે.

(૨) ઓનલાઈન જનરેટ થતા એનરોલમેન્ટ / એલીજીબીલીટી ફોર્મ એડમિશન કન્ફર્મ થયેથી જનરેટ થશે.

(૩) તા.૧૭/૦૯/૨૦૨૨ સુધી સુધી રૂા.૧૦૦/– લેઈટફી સાથે તથા તા.૧૯/૦૯/૨૦૨૨ થી તા.૨૬/૯/૨૦૨૨ સુધી રૂા.૧૦૦૦/– પેનલ્ટી સાથે ફી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફી સ્વીકારવામાં આવશે નહી. જે વિદ્યાર્થીઓને આપની કોલેજ દ્વારા **એલીજીબીલીટી સર્ટિફીકેટ વિના કામચલાઉ પ્રવેશ આપવામાં આવ્યો હોય તેવા વિદ્યાર્થીઓની એનરોલમેન્ટ ફી એલીજીબીલીટી સર્ટિફીકેટ અત્રેથી ઈસ્યુ કરાવ્યા બાદ જ જમા કરાવવી.**

(૪) આપની કોલેજમાં અભ્યાસ કરતા સેમેસ્ટર ૩/૫/૭ના વિદ્યાર્થીઓની વિદ્યાર્થીદીઠ રૂા. ૧૦૦/– સ્પોર્ટ્સ, સાંસ્કૃતિક અને ઝોન ફી (બન્ને સત્રના) ભરવાની રહેશે.

(૫) **જે તે કોલેજોએ એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન વગેરે ફી ની રકમ બેન્ક ડ્રાફટ અથવા મલ્ટીસીટી ચેકથી કોલેજો એ રૂબરૂમાં જમા કરાવવાની રહેશે એનરોલમેનટ ફી પોસ્ટ / કુરીયર કે રજીસ્ટરએડીથી અથવા વિદ્યાર્થીઓ પાસેથી સ્વીકારવામાં આવશે નહી.** એનરોલમેન્ટ ફોર્મ ફી તથા એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન વગેરે ફી સવારે ૧૧ થી ૨ અને ૨:૪૫ થી ૩.૩૦ ની વચ્ચે જમા કરાવવી અન્યથા બેંકની પ્રોસેસને લીધે આ ફી સ્વીકારવામાં આવશે નહી જે વિદીત થાય.

(૬) આપની કોલેજ / ભવનના જે કોર્ષ પ્રવેશ ઓનલાઈન થયેલ નથી તે કોલેજ/ ભવનોએ એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફોર્મનું આ સાથે સામેલ માહિતી પત્રક મુજબનુ પત્રક બનાવી તેની એક હાર્ડ કોપી તથા આ માહિતી સી.ડી. માં ડેટા એન્ટ્રી કરી સી.ડી. ઉપર જે તે કોલેજનું નામ લખી માહિતી મોકલાવાની રહેશે.

(૭) આપની કોલેજ / ભવનના જે કોર્ષ પ્રવેશ ઓનલાઈન થયેલ નથી કોર્ષ માટે જેંટલા એનરોલમેન્ટ ફોર્મની જરૂરીયાત હોય તેટલા ફોર્મની એક ફોર્મ દીઠ રૂા. ૨૫/— લેખે ફી મલ્ટીસીટી ચેક અથવા ડી.ડી. જમા કરાવ્યા બાદ જ અત્રેથી મેળવી લેવા.

(૮) નર્સીંગ,એમ.બી.બી.એસ.,મેડીકલ પી.જી. કોર્ષ, એમ.પી.ટી. તથા બી.પી.ટી. ના એડમિશન થયા પછીના માત્ર સાત જ દિવસમાં એનરોલમેન્ટની ફી વગેરે પ્રોસીઝર પુરી કરી લેવી અન્યથા વિદ્યાર્થી દીઠ સુપર લેઈટફી (રૂા. ૫૦૦/—) સાથે ફોર્મ તથા ફી સ્વીકારવામાં આવશે.

(૯) સરકારશ્રી તથા યુનિવર્સિટી દ્વારા ખાસ કિસ્સામાં મંજૂર થયેલ સીટો ઉપરાંતના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહી તથા એનરોલમેન્ટ ફી જમા કરાવતા સમયે સીટો અંગેના તમામ આધાર પુરાવાઓ સાથે રાખવા આવશ્ક છે.

**કુલસચિવ**

પ્રતિ,

૧. આચાર્યશ્રી,યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો.
૨. અધ્યક્ષશ્રી,અનુસ્નાતક ભવનો તમામ.
૩. સીસ્ટમ ઈજનેરશ્રી તરફ

**નોંધ :— ફી ની રકમ રોકડથી જમા લેવામાં આવશે નહી ફી મલ્ટીસીટી ચેક અથવા DD થી જ જમા લેવામાં આવશે અને આ ફી કોલેજોએ રૂબરૂ માં જમા કરાવવાની રહેશે પોસ્ટ /કુરીયર કે રજીસ્ટરએડી / વિદ્યાર્થીઓ પાસેથી થી સ્વીકારવામાં આવશે નહી.**